5/11C 26 34

## પરિપત્ર

પરિપત્ર ક્રમાંક : 12 તા. 23.01.07

વિષય : પાણી પુરવઠા યોજનાની પંપીંગ મશીનરી અને તેના ઓ એન્ડ એમની કામગીરી યાંત્રીક વીંગ દવારા થવા બાબત..

સંદર્ભ : નર્મદા,જળ સંપતિ, પાણી પૂરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય,ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક / અ.સ.મુ.ઈ./ પીએ/ ચિંતન શિબિર/ ૨૦૦૬ / ૧ તા.૩.૦૧.૦૬ અને સરખા ક્રમાંકના તા.૩.૦૧.૦૬ થી પરિપત્રમાં કરાયેલ સુધારો.

**પ્રસ્તાવના :**

બોર્ડ હસ્તકની વિવિધ જુથ પાણી પુરવઠા યોજનાઓમાં પંપીંગ સ્ટેશનની અંદરની મશીનરીની ખરીદી તથા ઓ એન્ડ એમ યાંત્રીક વીંગ દવારા થાય તે જરૂરી છે તેવી સુચના ઉપરોકત પરિપત્રથી આપવામાં આવેલ છે.

તા.૬.૦૧.૦૭ના રોજ વડોદરા ખાતે માન.અદયક્ષશ્રીના વડપણ હેઠળ ટ્રાયબલ કામોની સમીક્ષા બેઠક યોજાયેલ અને જેમાં ચર્ચા દરમ્યાન જાણવા મળેલ કે ઝોન.૧, વડોદરા હસ્તકની એનસી/પીસી કાર્યક્રમના ઘણા કામો ૩૧.૦૩.૦૭ પહેલા પુરા કરવાના બાકી છે. સદર કામોમાં મોટે ભાગે સોર્સ તરીકે બોર હોય છે. અને ફળીયાવાર સ્કીમ બનાવવામાં આવે છે. હાલમાં ટ્રાયબલ વિસ્તારની મીની પાણી પુરવઠા યોજનામાં તથા પ્રોજેકટ એડમીનીસ્ટ્રેટર દવારા મંજુર થતી મીની પાણી પુરવઠા યોજનામાં મશીનરી બેસાડવાની કામગીરી યાંત્રીક વિભાગ દવારા હાથ ધરવામાં આવે છે. આ બાબતે મા.અદયક્ષશ્રીની રૂબરૂમાં થયેલ ચર્ચા દરમ્યાન એવુ નકકી થયેલ કે મશીનરીના બધા જ કામો યાંત્રીક વિભાગ દવારા થાય.જે અન્વયે નીચે પ્રમાણે આદેશ કરવામાં આવે છે.

**આદેશ :**

સરકારશ્રીના પરિપત્ર મુજબ હવે પછી પાણી પુરવઠા યોજનાઓની પંપીંગ મશીનરી અને એમ એન્ડ આરની કામગીરી યાંત્રીક શાખા દવારા જ થાય તે હેતુથી જે તે સિવિલ વિભાગ દવારા તેમના હસ્તકની સદર કામગીરી તાત્કાલીક જે તે યાંત્રીક વિભાગને સોંપવા જણાવવામાં આવે છે.

(સહી)

સભ્ય સચિવશ્રી

..૨..

નકલ રવાના પ્રતિ

- મુખ્ય ઈજનેરશ્રી, ઝોન – ૧,૨,૩,૪, ગુ.પા.પુ અને ગટર વ્ય. બોર્ડ, વડોદરા / અમદાવાદ / રાજકોટ / ભુજ
- મુખ્ય ઈજનેરશ્રી, (યાંત્રીક) ગાંધીનગર
- અધિક્ષક ઈજનેરશ્રી, જા.આ.યાંત્રીક વર્તુળ ( તમામ )